# ઉધના વિસ્તારમાં તીક્ષ્ણ હથીયારથી ઘા મારી, હત્યા કરનાર આરોપીને ઝડપી પાડતી, સુરત શહેર ક્રાઇમ બ્રાંચ.

સુરત શહેરના ઉધના પો.સ્ટે. ખાતે A/૧૧૨૧૦૦૪૭૨૦૦૨૧૯/૨૦૨૦ ઇ.પી.કો. કલમ ૩૦૨ તથા જી.પી.એક્ટ ૧૩૫ મુજબ ગુનો રજીસ્ટર કરવામા આવેલ. જે ગુનો ગંભીર પ્રકારનો હોઈ આરોપીઓને શોધી ઝડપી પાડવા ક્રાઈમ બ્રાંચના પોલીસ માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન અ.હે.કો. દિગ્વિજયસિંહ ભીમજીભાઈ તથા અ.હે.કો. જીગ્નેશભાઇ મણીલાલનાઓને મળેલ બાતમી આધારે પ્રંશાંત ઉર્ફે મુકેશ બાપુલાલા પીંપલે ઉ.વ.૨૦ રહે. પ્લોટ નં.૧૫૯, નાગશેનનગર પાડેસરા, સુરત. મુળ રહે. સલીમાંડણગામ, તા.જી.નંદુરબાર(મહારાષ્ટ્ર)નાને ઉધના બસ સ્ટેશન પાસેથી ઝડપી પાડી, મજકુર આરોપીની પુછપરછ કરતા મજકુરની બહેન સાથે મરણ જનાર રોહીત બાવીસ્કરનાને પ્રેમ સબંધ હતો અને મજકુર આરોપીએ પોતાની બહેન સાથે મરણ જનારને વાતચીત ન કરવા તથા મુલાકાત ન કરવા અવાર નવાર જણાવેલ. બનાવના દિવસે મજકુર આરોપીની બહેન તેના મિત્રના ઘરે ગયેલ જ્યાં મરણ જનાર પણ બહાર હાજર હતો અને ઈશારાથી તેની બહેન સાથે વાત કરતો હોઈ, મજકુર આરોપીને આ બાબતે ખુબ ગુસ્સો આવેલ અને મજકુર આરોપી પોતાના ઘરે પડી રહેલ જુનો છરો પોતાની પાસે રાખેલ અને તેના મિત્ર પાસેથી ખોટુ બોલી મોટર સાઈકલ લઈ મરણ જનાર રોહીત બાવીસ્કર જ્યાં ટ્યુશન જતો ત્યાં પહોંચી ગયેલ. રોહીત બાવીસ્કર ટ્યુશન પુરૂ થતા નીચે આવતા તેને બોલાવી હજુ કેમ મારી બહેન સાથે વાતો કરે છે તેમ જણાવી શરીર પર અલગ અલગ જગ્યાએ છરાના ઘા મારી ત્યાંથી ભાગી ગયેલ. મજકુર આરોપી પોલીસથી બચવા પોતાના ઘરે જતો નહી અને રાત્રીના સમયે ખાલી પડી રહેતી રીક્ષામાં સુઈ જતો હતો.